અપીલ અરજી નં.૧૮૭ તા.૨૭–૭ –૧૧
ફોન નં. ૦૨૬૧ ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ – શ્રી રામદાસ ભીખાભાઈ ચૌધરી
સામાવાળાઃ– સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી(લીંબાયતઝોન)

**ફરીયાદની હકીકતઃ–**

વિષય :– આરટીઆઈ એકટ હેઠળ શ્રી રામદાસ ભીખાભાઈ ચૌધરીની તા.૨૨–૬–૧૧ની અરજીથી મુદ્દા નં.(૧) તા.૧૬/૨/૦૯ના રોજ આપના લીંબાયત ઝોન ધ્વારા આંજણા ટેનામેન્ટ પાસે આવેલ (માછીવાડ) ઝુંપડપટ્ટીનું ડિમોલેશન કરવામાં આવેલ હતું પરંતુ આપના સર્વે મુજબ જે ૧૨૧ બતાવવામાં આવેલા છે. આ તમામને જે સર્વે કરેલા ૧૨૧ ઝુંપડાવાસીઓનું નામ તથા એચ.એન. નંબર સાથે આપવા બાબત,વિ.મુદ્દા નં. (૧) થી (૩) ની માહિતી આપવા બાબત.

સંદર્ભ :–અરજદાર મજકુરની અપીલ તા.૨૭–૭–૧૧ ની **SMC/FAP/** નં.૧૮૭/૨૦૧૧–૧૨

શ્રી રામદાસ ભીખાભાઈ ચૌધરીની તા.૨૨–૬–૧૧ની અરજીથી મુદ્દા નં. (૧) તા. ૧૬/૨/૦૯ના રોજ આપના લીંબાયત ઝોન ધ્વારા આંજણા ટેનામેન્ટ પાસે આવેલ (માછીવાડ) ઝુંપડપટ્ટીનું ડિમોલેશન કરવામાં આવેલ હતું પરંતુ આપના સર્વે મુજબ જે ૧૨૧ બતાવવામાં આવેલા છે. આ તમામને જે સર્વે કરેલા ૧૨૧ ઝુંપડાવાસીઓનું નામ તથા એચ.એન.નં. સાથે આપવા બાબત,વિ.મુદ્દા નં. (૧) થી (૩) ની માહિતી આપવા બાબતે નિયત સમય અવધિમાં પ્રત્યુતર પાઠવેલ ન હોવાનું જણાવી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૨૭– ૭ –૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો વિલંબ /વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૫૮૧ તા.૨–૮–૧૧ થી સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી(લીંબાયતઝોન) તથા અરજદારને અપીલ અરજીમાં તેઓને મળેલ માહિતીની વિગત જણાવેલ ન હોઈ તે રજુ કરવા તથા માંગેલ પૈકી કઈ માહિતી મળેલ નથી તે સ્પષ્ટ કરવા જણાવવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી અત્રેના વિભાગને કોઈ પૂરક વિગતો મળેલ નથી. તેમજ અરજદાર તરફથી પણ કોઈ પૂરક વિગતો અત્રે મળેલ નથી.

અરજદારની તા.૨૨–૬–૧૧ ની અરજીથી તા.૧૬–૨–૦૯ ના રોજ લીંબાયતઝોન ધ્વારા આંજણા માછીવાડ ઝુંપડપટ્ટીના ડીમોલીશન બાબતે મુદ્દા નં.૧ થી ૩ ની માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારી લીંબાયતઝોન ખાતે કરવામાં આવેલ. જેમાં અરજીના મુદ્દા નં. (૧) તા. ૧૬/૨/૦૯ના રોજ લીંબાયત ઝોન ધ્વારા આંજણા ટેનામેન્ટ પાસે આવેલ (માછીવાડ) ઝુંપડપટ્ટીનું ડિમોલેશન કરવામાં આવેલ હતું પરંતુ આપના સર્વે મુજબ જે ૧૨૧ બતાવવામાં આવેલા છે. આ તમામને જે સર્વે કરેલા ૧૨૧ ઝુંપડાવાસીઓનું નામ તથા એચ.એન.નં. સાથે આપવા બાબત. મુદ્દા નં.(૨) સાઉથઝોન લીંબાયત ધ્વારા મળેલી માહિતી અનુસાર કે જે સર્વેમાં ૧૨૧ થયેલામાં ૮૩ ઝુંપડાવાળાને આવાસની ફાળવણી થઈ છે તે તમામ લાભ આર્યાના નામે એચ.એન. નંબરના નામો સાથે લેખિતમાં આપવા બાબત. મુદ્દા નં.(૩) જે ઉપરોકત બે મુદ્દાઓની જ માહિતી ઝોન તરફથી તમામ નામો એચ.એન. નંબર સાથે યાદી તૈયાર આપવા વિનંતી. જે બાબતે માહિતી મળતાં અરજદારે નારાજગી વ્યકત કરી સ્પષ્ટ માહિતી મેળવવાની માંગણી કરી તા.૨૭–૭–૧૧ ના રોજ અપીલ અરજી કરેલ છે. અપીલના સંદર્ભે અત્રેથી આરટીઆઈ સેલ/૫૮૧ તા.૨–૮–૧૧ થી બંને પક્ષકારો તરફથી પૂરક વિગતો માંગવામાં આવેલ. પરંતુ કોઈ પણ પક્ષકારે પૂરક વિગતો રજૂ કરેલ નથી. તેમજ અરજદારને મળેલ માહિતીની વિગત જણાવેલ ન હોઈ તે રજૂ કરવા તથા માંગેલ પૈકી કઈ માહિતી મળેલ નથી તે સ્પષ્ટ કરવા જણાવવા છતાં વિગતો પૂરી પાડેલ નથી. તેમજ જાહેર માહિતી અધિકારી તરફથી આપેલ માહિતીની વિગતો અને અરજદાર તરફથી જાહેર માહિતી અધિકારી તરફથી મળેલ માહિતીની કોઈ નકલ અત્રે રજૂ કરેલ નથી. પરંતુ અરજદારે અપીલમાં ૧૨૧ ઝુંપડાઓનું સર્વે કરવામાં આવેલ. તેમાંથી ૮૩ ને આવાસની ફાળવણી થયેલ છે તે બાદ કરતાં ૩૮ ઝુંપડા બાકી રહેલ છે. તેમના એચ.એન. નંબર સહિતની માંગણી કરેલ છે. અરજદારે મુળ અરજીમાં સર્વે અંગેના કુલ ઝુંપડાઓની અને ફાઈવણી થયેલ ૮૩ ઝુંપડાઓની એચ. એન. નંબર સહિતની માહિતીની માંગણી કરેલ છે. જયારે અપીલ તબકકે બાકી રહેલ ૩૮ ઝુંપડાઓની માંગણી કરવામાં આવેલ છે.અત્રે એ પણ સુચક છે કે અરજદારે મુળ અરજીના મુદ્દા નં. (૧) થી સર્વે કરેલ તમામની વિગત માંગેલ છે. બંને પક્ષકારો તરફથી માહિતી બાબતે કોઈ પ્રકાશ પાડેલ ન હોઈ અરજદારને મુળ અરજીના પરિપ્રેક્ષ્યમાં નહીં પૂરી પડાયેલી દફતરી ઉપલબ્ધ માહિતી જાહેર માહિતી અધિકારીએ પૂરી પાડવાની રહે.

હુકમ.

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૨૨–૬–૧૧ ની અરજીથી માંગેલ માહિતી પૈકી જાહેર માહિતી અધિકારી તરફથી નહીં પૂરી પડાયેલ દફતરી ઉપલબ્ધ હકીકતલક્ષી માહિતી આરટીઆઈ એકટની કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે દિન–૭ માં અત્રેની જાણ હેઠળ અરજદારને પૂરી પાડવા સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (લીંબાયતઝોન)ને જણાવવામાં આવે છે.

(પી.જે.ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૮–૧૧

પ્રતિ,
(૧) સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (લીંબાયતઝોન)....જાણ તથા અમલ માટે.
(૨) શ્રી રામદાસ ભીખાભાઈ ચૌધરી,